જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૪/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૯૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી ૧૪૭ લીટર દેશી દારૂ અને ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૯૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૬૯૮/૧૬**

**જીઆઈડીસી વટવાઃ** સંજયભાઈ ઉર્ફે પીન્ટુ નટુભાઈ ચૌહાણ (રહે.નવી વસાહત રાધે રેસીડન્સીની બાજુમાં જશોદાનગર) એ જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઘર નજીક રહેતા સંજયભાઈના કાકા આરોપી સોમાભાઈ પુંજાભાઈ ચૌહાણ નાઓને કોઈ સ્ત્રી સાથે આડા સંબંધ હોઈ કાકા-કાકી વચ્ચે અવારનવાર બોલાચાલી ઝગડો થતો હતો. તા.૧૪/૪/૧૬ સાંજના ૭/૫૫ વાગ્યાના સુમારે તેમના ઘરે જ આરોપી સોમાભાઈએ તેમના પત્ની વાલીબહેન (ઉ.વ.૪૦) ને ચપ્પુના ઘા મારી જીવલેણ હુમલો કરી મોત નિપજાવ્યુ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ઝેડ એ શેખ ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૬૯૯/૧૬**

**બાપુનગરઃ** બાપુનગર વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની તરૂણીએ તા.૧૪/૪/૧૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી બે વર્ષ પહેલા હીરાવાડી વિસ્તારમાં રહેતા આરોપી શશી રાજપુતએ અને ચારેક માસથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ઘર નજીક રહેતો આરોપી કિશન બીપીનભાઈ ભટ્ટ એ તરૂણીને લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી ગેષ્ટ હાઉસમાં લઈ જઈ તરૂણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો. તેમજ આરોપી કિશન ભટ્ટે તરૂણીનો અશ્લીલ વિડીયો ઉતારી બદનામ કરવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર એમ ગામીત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૦૦/૧૬**

**ક્રાઇમ બ્રાન્ચઃ** નામ લખીચંદ રાજા સાહ (ઉ.વ.૬૩) (રહે. ગંગાવિહાર સોસાયટી શિવશક્તિ બસ સ્ટેન્ડની સામે ચાંદખેડા) એ તા.૧૪/૪/૧૯૬ નારોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે નવેમ્બર ૨૦૧૫ ના પહેલા અઠવાડીયાથી તા.૧૬/૧/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) હરીઓમ ગાંધી (૨) ભાસ્કર સી કુલકર્ણી (૩) ભારત ભુષણ અને (૪) રાજેશકુમાર વત્સ નામની વ્યક્તિઓ (જેઓના પુરા નામ-સરનામાની ખબર નથી) એ ભેગા મળી ઇન્ટરનેટ માધ્યમથી તેમના સસ્પેન્સ એકાઉન્ટમા નામ લખીચંદ રાજા સાહના રૂપિયા ૨૩,૫૬,૯૮૭/- જમા છે. તેવી લોભામણી વાતોમા લઇને જુદા જુદા મેઇલ આઇ.ડી. દ્વારા નામ લખીચંદ રાજા સાહનો રીઝર્વ બેંક તથા ઇન્કમ્ટેક્ષ વિભાગના લેટરો ઓન લાઇન મોકલી વિશ્વાસમા લઇ લાલચમા લાવી રૂપિયા ૭૧,૫૬,૯૮૭/- આપવાની લાલચ આપી નામ લખીચંદ રાજા સાહ પાસેથી જુદી જુદી રકમ પ્રોસીજર રુપે કુલ રૂપિયા ૬૫,૯૩,૯૧૨/- ની રકમ લઇ નામ લખીચંદ રાજા સાહ સાથે ઓન લાઇન છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ પો.ઇ.શ્રી જે. એસ. ગેડમ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૦૧/૧૬**

**ખોખરાઃ** કોકીલાબહેન તે ભરતભાઈ કાંતીલાલના વિધવા પત્ની (ઉ.વ.૪૯) (રહે.પાયલપાર્ક સોસાયટી ગોર્ધનપાર્કની સામે ધીરજ હાઉસીંગ ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૪/૧૬ કલાક ૧/૦૦ થી સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાની બોરમાળા,સોનાની વિંટી, સોનાનુ પેન્ડલ,સોનાની બુટ્ટી,ચાંદીના સિક્કા નંગ-૨૦, ચાંદીના ગ્લાસ નંગ-૨ અને રોકડ રૂપિયા ૧૭,૫૦૦/- મળી કુલ રૂપિયા ૪૮,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી એમ ચૌહાણ ચલાવે છે.

**ઈન્જેકશનથી ઈન્ફેકશન થતા મોતઃ-** **સમાચાર યાદી નં.૭૦૨/૧૬**

**રખિયાલઃ** અબ્દુલવહાબ અબ્દુલલતીફ શેખ (રહે.નસીબનગર ચમનચોક પાસે રખિયાલ) એ તા.૧૪/૪/૧૬ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અબ્દુલવહાબ શેખના ભાઈ જહીરહુસેનને તાવ અને માથુ દુખતુ હોઈ તા.૪/૪/૧૬ રાતના ૮/૩૦ વાગે પ્રાથમિક સારવાર માટે રખિયાલ ઘર નજીકના ડૉ.ઐયુબ અંસારી નાઓના દવાખાને લઈ જતા ડાબા પગે ઈન્જેક્શન આપ્યુ હતુ. જેના લીધે પગમાં દુખાવો થતા જહીરહુસેનને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરતા વા.સા.હોસ્પીટલના ડૉ.શ્રીએ ઈન્ફેક્શન થયાનુ જણાવ્યુ હતુ. ડૉ.ઐયુબ અંસારી નાઓની બેદરકારીના કારણે ઈન્જેકશનના ઈન્ફેક્શનની સારવાર દરમ્યાન તા.૧૪/૪/૧૬ કલાક ૨/૧૫ વાગે જાહીરહુસેનનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે જે ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૦૩/૧૬</u>**

**“જી” ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** કમલેશ સહજરામ કોરાણી (રહે.આદર્શગલી ઠક્કરબાપાનગર બાપુનગર) એ તા.૧૪/૪/૧૬ નારોજ “જી” ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કમલેશ કોરાણીના ભાઈ ગોવિંદભાઈ તા.૫/૪/૧૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે નાના ચિલોડા દેવર્શી કોમ્પલેક્ષ નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે છોટા હાથી જેવા વાહન ચાલકે વાહન પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી ગોવિંદભાઈ વળાંક લેતા હતા ત્યારે એક્ટીવાને ટક્કર મારી વાહન ચાલક વાહન લઈ નાસી ગયો હતો. ગોવિંદભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે નવરંગપુરા શુંભું શાહ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં તા.૧૪/૪/૧૬ કલાક ૧૨/૩૦ વાગે ગોવિંદભાઈનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી ડી ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)